જા.ક્ર.:મા-૧/૨૦૨૪/ ૨૨૪૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૨/૦૨/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા અનુદાનિત શાળાઓ તમામ,
જિ. સુરત.

/- આ સાથે સામેલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા. ૨૦/૦૨/૨૦૨૪ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/૧૨૯૬-૧૩૮૦ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/1256-1380

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૨૦/૦૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના (NMMS)-૨૦૨૩-૨૪ પરીક્ષાના આવેદનપત્રો ભરવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૧૪/૦૨/૨૦૨૪ ના જાહેરનામા:ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/૧૧૬૮-૧૨૨૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/ મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓના N.M.M.S ની પરીક્ષા માટેના આવેદનપત્રો અત્રેની કચેરીની વેબસાઇટ www.sebexam.org પર તા.૨૦/૦૨/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૪ સુધી ભરાનાર છે.

આ પરીક્ષામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવકના પ્રમાણપત્ર અને જાતિ અંગેના પ્રમાણપત્ર જાહેરનામા મુજબ સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રીનો દાખલો જોડવા અંગે જાહેર કરેલ છે. જાતિ તેમજ આવક અંગેના પ્રમાણપત્રો મેળવવામાં વાલીઓને તકલીફ પડી રહેલ તેવી રજુઆતો રાજય પરીક્ષા બોર્ડ ખાતે મળેલ છે. તે જોતા નીચે મુજબના ફેરફારોને ધ્યાને લેવા વિનંતી છે.

- **આવક અંગેના પ્રમાણપત્ર:-** મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મ્યુ.કાઉન્સીલરશ્રી, ચીફ ઓફીસરશ્રી તેમજ સરપંચશ્રી પૈકી કોઇપણનો આવક અંગેના પ્રમાણપત્ર માન્ય રહેશે.
- **જાતિ અંગેના પ્રમાણપત્ર:-** મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે શાળાના આચાર્યનું રજીસ્ટર્ડ (જાવક નંબર તેમજ ફોટા સાથેનું) બોનાફાઈડ માન્ય રહેશે. જેમાં વિધાર્થીની પેટા જાતિનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- વિધાર્થી નિયત આવક મર્યાદામાં અને નિયત જાતિની કેટેગરીમાં આવે છે તેની શાળાના આચાર્યશ્રીએ ચકાસણી કરવાની રહેશે.

**<u>ખાસ નોંધ:</u>**

નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષમાં ઉત્તિર્ણ થઇ મેરીટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓનું સ્કોલરશીપ મેળવવા માટે NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું થાય તે સમયે આવક અને જાતિ અંગે સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ફરજીયાત છે.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

જાવક નંબર :- 1124
તારીખ :- 21/2
સંખ્યા :-
સહી :-